# ફ્રાન્સમાં મોટા સાયબર એટેકને લીધે ફ્રિજ ઓવન બની ગયા

**સૈંકડો** સુપરમાર્કેટોમાં રેફ્રિજરેશન સિસ્ટમ ગરમ થઇ ગઇ

**અનેક** સ્ટોર્સે બગડેલા ખાદ્ય પદાર્થો ફેંકી દેવા પડ્યાં

**સાયબર** હુમલો કોણે કર્યો તેની ચાલતી તપાસ

પેરિસ, તા. ૧૩(એપી): સાયબર હુમલાઓએ યુરોપિયન સુપરમાર્કેટ ચેઈનને પ્રભાવિત કરી છે, જેના કારણે ફ્રાન્સના સેંકડો સ્ટોર્સમાં રેફ્રિજરેશન સિસ્ટમ વધુ પડતી ગરમ થઈ ગઈ હતી અને એક અગ્રણી ગ્રોસરી કંપનીને યુરોપ તેમજ યુનાઈટેડ સ્ટેટ્સમાં ગ્રાહકોને સેવા આપતી તેની વેબસાઈટ્સ બંધ કરવાની ફરજ પડી હતી.

ફ્રેન્ચ નાણામંત્રી રોલેન્ડ લેસ્ક્યુરે મંગળવારે સંસદમાં જણાવ્યું હતું કે દેશના ૧૦,૦૦૦ સુપરમાર્કેટોમાંથી આશરે ૭૦૦ સુપરમાર્કેટ આ હુમલાથી પ્રભાવિત થયા હતા. તેમણે કહ્યું કે ફ્રાન્સના ખાદ્ય પુરવઠા પર કોઈ જોખમ નથી, પરંતુ તેમણે સ્વીકાર્યું કે આ હુમલો "આપણી ખાદ્ય સુરક્ષાના મુખ્ય હાર્દને સ્પર્શે છે." તેમણે ઉમેર્યું, "આ દરેક માટે એક આંખ ઉઘાડનારો કિસ્સો હતો." પેરિસ પ્રોસિક્યુટર ઓફિસે મંગળવારે જણાવ્યું હતું કે તેમનો સાયબર ક્રાઈમ યુનિટ આ મોટા પાયાના હુમલાની તપાસ કરી રહ્યો છે, જેમાં બગડેલા ખોરાક અને સંભવિત આગના કારણે થયેલા નુકસાનની માત્રાનો પણ સમાવેશ થાય છે. ફ્રેન્ચ ગ્રોસરી ચેઈન 'કોઓપરેટિવ યુ'ના સીઈઓ ડોમિનિક શેલચરે જણાવ્યું હતું કે તેમની કંપનીના ૨,૦૦૦ સ્ટોર્સમાંથી ૮૦ સ્ટોર્સ પ્રભાવિત થયા હતા. તેમણે 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું કે મોટાભાગના સ્ટોર્સે રેફ્રિજરેશનમાં ખલેલ પહોંચતી અટકાવી લીધી હતી, પરંતુ કેટલાક સ્ટોર્સે ખોરાક ફેંકી દેવો પડ્યો હતો. ડેનિશ ટેક્નોલોજી કંપની ડાનફોસ, જેણે રેફ્રિજરેશન મેનેજમેન્ટ સોફ્ટવેર સપ્લાય કર્યું હતું, તેણે સોમવારે જણાવ્યું હતું કે મોટાભાગની પ્રભાવિત સિસ્ટમો જૂના ઉત્પાદનો હતા જેમને હવે સોફ્ટવેર કે સિક્યોરિટી અપડેટ્સ મળતા નહોતા. ડાનફોસે ઉમેર્યું કે તે નુકસાન ઘટાડવા માટે પ્રભાવિત ગ્રાહકો સાથે મળીને કામ કરી રહી છે. સ્ટોપ એન્ડ શોપ, ફૂડ લાયન અને અલ્બર્ટ હેઈન સહિત તેની કેટલીક બ્રાન્ડ્સની વેબસાઈટ મંગળવારે પણ ઓફલાઈન રહી હતી, જોકે સ્ટોર્સ ખુલ્લા હતા અને ગ્રાહકોને સેવાઓ આપી રહ્યા હતા.



લેટિન અમેરિકન દેશ ચીલીના વેલે નેવાડો સ્કી રિસોર્ટ નજીકના એક રસ્તાનું વિહંગમ દ્રશ્ય આ તસવીરમાં જોઇ શકાય છે. રાજધાની સાન્ટિયાગો નજીક આવેલા આ વિસ્તારમાં બરફવર્ષાથી આવું દ્રશ્ય સર્જાયું હતું. ચીલીના હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આ વર્ષે સખત અલ-નીનો પરિબળની અસરને કારણે અહીં આ બરફવર્ષા થઇ છે.

# રૂ. 10ના સિક્કાઓથી ખરીદ્યું 1.23 લાખનું એક્ટિવા

**તેલંગાણાના** વ્યક્તિએ કરિયાણાની બચતમાંથી 3 વર્ષમાં સિક્કા ભેગા કરી પરિવારનું સપનું પૂરું કર્યું



હૈદરાબાદ, તા. 13 (PTI) તેલંગાણાના મંચેરિયાલ જિલ્લાની એક વ્યક્તિએ ત્રણ વર્ષ દરમિયાન બચાવેલા 10 રૂપિયાના સિક્કાઓથી 1.23 લાખ રૂપિયાની કિંમતનું હોન્ડા એક્ટિવા સ્કૂટર ખરીદ્યું છે.

લક્સેટિપેટના રહેવાસી બી. રવિ જોસેફે જણાવ્યું હતું કે, પરિવાર માટે ઉપયોગી વસ્તુ ખરીદવાના હેતુથી તેમણે કરિયાણાની ખરીદી જેવા રોજિંદા વ્યવહારોમાંથી 10 રૂપિયાના સિક્કા બાજુ પર મૂકીને કાળજીપૂર્વક જમા કર્યા હતા.

જોસેફે કહ્યું કે, શરૂઆતમાં તેમના પરિવારના સભ્યો આ વિચારને લઈને શંકાશીલ હતા, પરંતુ આખરે તેઓએ તેમને ટેકો આપ્યો.

રવિ જોસેફે જણાવ્યું કે, જ્યારે તેમના જૂના વાહનમાં સમસ્યાઓ ઊભી થઈ, ત્યારે તેમણે નવું સ્કૂટર ખરીદવાનું નક્કી કર્યું.

શો-રૂમના મેનેજરે જણાવ્યું કે, રવિ જોસેફ આશરે 15 દિવસ પહેલા તેમની પાસે આવ્યા હતા અને તપાસ કરી હતી કે શું તેઓ સ્કૂટરના ચુકવણી તરીકે સિક્કા સ્વીકારશે કે નહીં. મેનેજરે જણાવ્યું કે શો-રૂમે સિક્કા સ્વીકારવાની સંમતિ આપી હતી. મેનેજરે વધુમાં ઉમેર્યું કે, બાદમાં રવિ જોસેફ 10 રૂપિયાના સિક્કામાં 1.23 લાખ રૂપિયા લઈને શો-રૂમમાં આવ્યા અને સ્કૂટરની ડિલિવરી લીધી.

# કેન્દ્રીય મંત્રી મુરુગનનું રાજીનામું: મોદી કેબિનેટમાં ફેરબદલની અટકળો તેજ

**તમિલનાડુમાં** ભાજપ માટે કામ કરવાનું કારણ આપી રાજીનામુ આપ્યું

**જૂનથી** અત્યાર સુધી મોદી સરકારમાંથી રાજીનામું આપનાર ત્રીજા રાજ્ય કક્ષાના મંત્રી બન્યા

**મંત્રીમંડળમાં** ફેરફારની છેલ્લા કેટલાક સમયથી ચાલતી અટકળો વધુ તેજ બની



નવી દિલ્હી, તા. ૧૩(PTI): કેન્દ્રીય રાજ્ય મંત્રી એલ. મુરુગને મંગળવારે મોદી સરકારમાંથી રાજીનામું આપ્યું છે. તેમણે જણાવ્યું કે તેઓ તામિલનાડુમાં ભાજપને મજબૂત કરવા પાછા ફરવા માંગે છે. આ ઘટનાક્રમ બાદ કેન્દ્રીય મંત્રીમંડળમાં ટૂંક સમયમાં ફેરબદલ થવાની અટકળો તેજ થઈ ગઈ છે.

જૂન અને જુલાઈ મહિનામાં જ્યોર્જ કુરિયન અને રવનીત સિંહ બિટ્ટુએ ભાજપ દ્વારા રાજ્યસભાની ચૂંટણી માટે ફરી ઉમેદવાર ન બનાવાયા બાદ રાજીનામું આપ્યું હતું. ત્યારપછી કેન્દ્રીય મંત્રીમંડળમાંથી રાજીનામું આપનારા એલ. મુરુગન ત્રીજા રાજ્ય કક્ષાના મંત્રી બન્યા છે. મુરુગન સપ્ટેમ્બર ૨૦૨૧થી રાજ્યસભાના સભ્ય છે અને એપ્રિલ ૨૦૨૪માં મધ્યપ્રદેશથી ફરીથી સંસદના આ ઉપલા ગૃહ માટે ચૂંટાયા હતા.

# મોદીએ કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની સાથે કરી વાતચીત

**ભારત** અને કેનેડા મળીને એક વધુ સ્થિર અને સમૃદ્ધ વિશ્વના નિર્માણમાં યોગદાન આપી રહ્યા છે: મોદી

નવી દિલ્હી, તા. 13(પીટીઆઈ): પીટીઆઈ, નવી દિલ્હી, તા. 13 પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મંગળવારે કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્ની સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. આ વાતચીતને 'ગરમજોશીપૂર્ણ અને ઉત્પાદક' ગણાવતા બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોની હકારાત્મક ગતિને આગળ ધપાવવા અને તેને વધુ મજબૂત કરવા પર સંમતિ દર્શાવી હતી.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે, ભારત અને કેનેડા મળીને એક વધુ સ્થિર અને સમૃદ્ધ વિશ્વના નિર્માણમાં યોગદાન આપી રહ્યા છે. તેમણે લખ્યું, 'કેનેડિયન વડા પ્રધાન માર્ક કાર્ની સાથે અર્થપૂર્ણ વાતચીત થઈ. અમે વેપાર, ઉર્જા, ટેકનોલોજી, સુરક્ષા અને પરસ્પર સંબંધો જેવા વ્યૂહાત્મક ભાગીદારીના મુખ્ય ક્ષેત્રોમાં નક્કર પરિણામો મેળવવા માટે સાથે મળીને કામ કરવા સંમત થયા છીએ.' આ ટેલિફોનિક વાતચીત કેનેડાના વડા પ્રધાનના વરિષ્ઠ રાજદ્વારી અને આંતરરાષ્ટ્રીય બાબતોના સલાહકાર ડેવિડ મોરિસનની ભારત મુલાકાત બાદ થયો છે.

# સાઉદી અરેબિયાએ હુમલાની ચેતવણી આપતી એલર્ટ્સ મોકલવાનું કેમ બંધ કર્યું?

**કેટલાક** લોકોએ રાત્રે ઉંઘ બગડતી હોવાની ફરિયાદ કરતા આવા મોબાઇલ મેસેજ બંધ કરી દેવાયા!

રિયાધ, તા. ૧૩: તાજેતરમાં યમનના હૂથી બળવાખોરોના મિસાઈલ હુમલાઓમાં સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં ડઝનથી વધુ લોકોનાં મોત પછી એ પ્રશ્ન ઉઠ્યો છે કે સાઉદી અરેબિયાએ આવા હુમલાઓ અંગે ચેતવણી આપતી એલર્ટ્સ મોબાઈલ ફોન પર મોકલવાનું કેમ બંધ કરી દીધું છે? જ્યારે કે અમેરિકા-ઈરાન યુદ્ધની શરૂઆતના સમયમાં આવી અનેક એલર્ટ્સ મોકલવામાં આવતી હતી, તો આનો બિનસત્તાવાર જવાબ એવો મળ્યો છે કે અનેક લોકોએ આવી એલર્ટ્સને કારણે ખલેલ પહોંચતી હોવાની અને રાત્રે ઉંઘ બગડતી હોવાની ફરિયાદો કર્યા બાદ મોબાઈલ ફોન્સ પર આવા ચેતવણી સંદેશાઓ મોકલવાનું બંધ કરવામાં આવ્યું હતું.

એક્સ પર સાઉદી સિવિલ ડિફેન્સ ઓથોરિટીના એકાઉન્ટ પરની પોસ્ટ્સ અનુસાર, તાજેતરના હુમલાઓ પહેલાંની છેલ્લી ચેતવણી ૨૯ સપ્ટેમ્બરના રોજ દક્ષિણ પ્રાંત નજરાન માટે જારી કરવામાં આવી હતી.અલર્ટ બંધ કરવાના નિર્ણય અંગે સરકારે કોઈ સ્પષ્ટતા કરી નથી. સાઉદી સિવિલ ડિફેન્સ, જે આંતરિક મંત્રાલય હેઠળ બચાવ કામગીરી, આગ ઓલવવી અને પ્રારંભિક ચેતવણીઓ માટે જવાબદાર કટોકટી સંચાલન એજન્સી છે, તેણે આ મામલે કોઈ ટિપ્પણી કરી નથી.

## રાહુલની અરજીમાં સુપ્રીમની રજીસ્ટ્રીએ દસ ખામીઓ દર્શાવી

નવી દિલ્હી, તા. ૧૩(PTI): સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(SIR) હેઠળ મતદાતા યાદીમાં મોટા પાયે નામો કમી કરવા અને ગડબડી કરવાના આરોપ સાથે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને અન્ય લોકો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં સુપ્રિમ કોર્ટની રજિસ્ટ્રીએ ૧૦ કરતાં વધુ ત્રુટિઓ દર્શાવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, રજિસ્ટ્રીએ સોમવારે અરજી દાખલ કરનાર વકીલને આ કેસના સહ-અરજદાર, કોંગ્રેસ પ્રમુખ અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેના ઓળખપત્રની સ્પષ્ટ નકલ રજૂ કરવા જણાવ્યું હતું. સૂત્રોએ જણાવ્યું કે, રજિસ્ટ્રીએ અરજીમાં કેટલાક અસ્પષ્ટ અથવા ગાયબ પાનાઓ તરફ પણ ધ્યાન દોર્યું છે. આ ઉપરાંત, રજિસ્ટ્રીએ કોર્ટ ફીમાં ૨૦૦ રૂપિયાથી વધુની ઘટ પણ દર્શાવી છે.

રાહુલ ગાંધી અને અન્ય વિપક્ષી નેતાઓએ સોમવારે સુપ્રિમ કોર્ટ પહોંચીને આ અરજી દાખલ કરી હતી. આ અરજીમાં SIR દરમિયાન કમી કરવામાં આવેલા અને ફેરફાર કરવામાં આવેલા નામોની ચોક્કસ સમયમર્યાદામાં સ્વતંત્ર ઓડિટ કરવા માટે, સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશની અધ્યક્ષતામાં અને તકનીકી નિષ્ણાતો તેમજ અન્ય પીઢ નાગરિકોની મદદ ધરાવતી એક સ્વતંત્ર સમિતિની રચના કરવાની માંગ કરવામાં આવી છે.


સુરતમાં છેલ્લા 20 વર્ષમાં 25,000 થી વધુ બાળકોનો સફળતાપૂર્વક જન્મ

## સુરતમાં નિમાયા ફાઉન્ડેશન હેઠળ નવરાત્રીનાં નવ દિવસ IVF નિ:શુલ્ક કેમ્પનું આયોજન

સુરત: દર વર્ષની જેમ આ વર્ષે પણ માતાજીના પવિત્ર તહેવાર નવરાત્રી નિમિતે સુરતની નિમાયા હોસ્પિટલ (21 સેન્ચુરી હોસ્પિટલ) વંધ્યત્વ



નિવારણ માટે કેમ્પનું આયોજન કરી રહ્યું છે. આઇવીએફના ક્ષેત્રમાં એક્સપર્ટ અને છેલ્લા બે દાયકા દરમિયાન 25 હજાર પરિવારોને સંતાનની ખુશી આપનાર નિમાયા હોસ્પિટલ - નિમાયા વેલ્ફેર ફાઇન્ડેશન હેઠળ 11 થી 20 ઓક્ટોબર સુધી નિ:શુલ્ક માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવા જઈ રહ્યા છે. જેમાં નિ:સંતાનપણા, વંધ્યત્વ સહિતની સ્ત્રીરોગ સંબંધિત નિદાન અને સારવાર કરવામાં આવશે. આ કેમ્પમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

**નિમાયાના નવરાત્રી કેમ્પમાં સારવાર બાદ માતાજીના આશિર્વાદથી આજે મને બે પુત્રો છે**

અમારા લગ્નને 12 વર્ષ થઈ ગયા છતાં અમારે કોઈ સંતાન ન હતું. જ્યારે કોઈ ખોળો ખૂંદનાર ન હોય તો તેની પીડા એક સ્ત્રીથી વિશેષ કોણ જાણી શકે છે. ઘણી સારવાર અને માનતા છતાંયે મેળ ન પડ્યો. બે વર્ષ પૂર્વે અખબારમાં છપાયું હતું કે નિસંતાનપણાથી પીડિત દંપતિઓ માટે નિમાયા હોસ્પિટલ દ્વારા નિમાયા ફાઉન્ડેશન હેઠળ નવરાત્રીનો સ્પેશિયલ કેમ્પ રાખવામાં આવ્યો હતો. અમે રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ કેમ્પમાં નિમાયા હોસ્પિટલના IVF એક્સપર્ટ તબીબને મળ્યા. તેમણે અમારી અતથી લઈ ઇતિ સુધી સાંભળી સ્મિત સાથે કહ્યું, ચિંતા ન કરો, બધું જ સારું થઈ જશે. નિદાન બાદ અમે તેમના પાસે IVF સારવાર કરાવી, આજે કિલ્લોલ કરતા બે પુત્રો રમી રહ્યા છે. થેંક્સ નિમાયા હોસ્પિટલ.

- એક માતા

**કયા દંપતિ લાભ લઈ શકે છે ?**

1. ઓછા શુક્રાણુ, શૂન્ય શુક્રાણુ કે ધીમી ગતિની શુક્રાણુની સમસ્યાથી પીડાતા લોકો
2. બંધ ટ્યુબની સમસ્યા
3. IUIમાં વારંવાર નિષ્ફળતા
4. ઇંડામાં ખરાબી
5. અનિયમિત માસિક
6. ગર્ભાશયમાં ગાંઠ
7. થાઇરોઇડની તપાસ
8. લોહીના પ્રમાણ (ટકા)ની તપાસ
9. રાહત દરે સોનોગ્રાફી કરી અપાશે
10. ગર્ભાશયના મુખના કેન્સરની નિ:શુલ્ક તપાસ

**IVF પેકેજ પર વિશેષ રાહત દર**

:: કેમ્પની તારીખ ::
11 થી 20 ઓક્ટોબર, 2026
સમય : સવારે 10 થી સાંજે 6 સુધી
સ્થળ : 51/બી દાવર પ્લાઝા, સવેરા હોટલ નજીક, સ્ટેશન રોડ, સુરત.
ફ્રી રજીસ્ટ્રેશન અને એપોઇન્ટમેન્ટ માટે :
0261-2490190
0261-2492190



KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,34,860/-
18 KT 1,10,300/- 14 KT 85,740/-
+91 95109 70230
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા


### વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) જિલ્લો સુરત, તાલુકો ઓલપાડ, મોજે માસમાના બ્લોક નં.: ૧૯૬ થી નોંધાયેલી ઔદ્યોગિક હેતુ માટે બીનખેતીની જમીનમાં **"શ્રી સદગુરૂ પૂર્ણાનંદ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ"**ના નામથી પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.: ૬૫ તથા ૬૬, જે દરેકનું ક્ષેત્રફળ ૧૧૮.૯૨ ચો.મી. છે, તે પ્લોટ નં.: ૬૫ તથા ૬૬ તેમજ તેના ઉપર બાંધવામાં આવેલ શેડ સહિતની મિલકત અનુક્રમે (૧) **શ્રી પિયુષભાઈ ચંપકભાઈ સાયકલવાળા** તથા (૨) **શ્રી રાકેશભાઈ ચંપકભાઈ સાયકલવાળાએ** તેમની માલિકી તેમજ પ્રત્યક્ષ કબજા ભોગવટામાં ચાલી આવેલ હોવાનું તેમજ મજકુર મિલકતના તેમના ટાઈટલ કોઈપણ જાતના બોજારહિત, ચોકખા અને માર્કેટેબલ હોવાનું જણાવી, મારા અસીલોને વેચાણ આપવા નક્કી કરેલ છે અને ટુંક સમયમાં મારા અસીલો તેમની પાસેથી સદરહુ મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. આ હકીકતના સંદર્ભમાં મજકુર વેચાણના વ્યવહાર સંબંધે કોઈને કોઈપણ જાતનો વાંધો હોય યા મજકુર મિલકતોમાં કોઈનો કોઈપણ જાતના હક્ક-હિત, સંબંધ યા લાગ-ભાગ હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૭ માં તેમના તેવા વાંધા/હક્ક-હિત, સંબંધે કે લાગ-ભાગ અંગે પુરાવા સહિત અમોને લેખીતમાં જાણ કરવી. ઉપરોક્ત મુદ્દતમાં જો કોઈ વાંધા ન આવે તો કોઈને મજકુર વ્યવહાર સંબંધે કોઈ વાંધો કે તકરાર નથી કે મિલકતો સંબંધે કોઈ હક્ક-હિત નથી અને હોય તો તે જતા કરેલ છે તેમ માની, મારા અસીલો વેચાણ દસ્તાવેજો કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈ તકરાર ચાલશે નહીં, તેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી.

તા.: ૧૩/૧૦/૨૦૨૬
૧/૪૩૪, નરહરિ નિવાસ,
હીરા માણેક સ્ટ્રીટ, નાનપુરા, સુરત.

**નિતીન એન. ઠાકર**
તે ખરીદનારાના એડવોકેટ

### -:: જાહેર ચેતવણીનો જાહેર વળતો જવાબ ::-

એડવોકેટ દીપક એ. પાટીલ તથા જનક એચ. ટાલીયાએ વિપૂલભાઈ ઠાકોરભાઈ પટેલના એડવોકેટ તરીકે તા. ૦૮-૧૦-૨૦૨૬ ના રોજ મોજે : જીઆવ, તા. મજૂરા, જિ. સુરતના જૂના સર્વે નં. ૩૭૧, નવા સર્વે / બ્લોક નં. ૪૫૧ બાબતે આપવામાં આવેલી ટાઈટલ કલીયરન્સ અંગેની નોટીસનો તા. ૧૩-૧૦-૨૦૨૬ ના રોજની જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી હેઠળ પ્રસિધ્ધ કરાવેલ ચેતવણીની મોટા ભાગની હકીકતો ખોટી, પાઠાફેર અને ઊપજાવી કાઢેલી છે. કઈ તારીખે વિપૂલ ઠાકોરભાઈ પટેલને સદરહુ જમીન નવીનભાઈ છીમકાભાઈ પટેલે વેચાણ આપી તેનો કોઈ ઉલ્લેખ સદર નોટીસથી થતો નથી. દીપકકુમાર સુરેશકુમાર અગ્રવાલ તથા લલીત પુરૂષોત્તમલાલ પનસારીના લાભમાં કાયદેસરના પાકા દસ્તાવેજો થયા છે અને તે દસ્તાવેજો અગાઉ પણ કાયદેસરના દસ્તાવેજો થયા છે. ક્યારેય પણ નવીનભાઈ છીમકાભાઈ પટેલે તમારા અસીલને સદરહુ જમીન વેચાણ કરવા નક્કી કર્યુ હોય કે તમારા અસીલ પાસેથી ખૂબ મોટી રકમ અવેજ પેટે સ્વીકારીને લખાણો કરી આપ્યા હોય તેવું બન્યું નથી. નવીનભાઈ છીમકાભાઈ પટેલના મેળાપીપણામાં તમોએ સદરહુ કહેવાતા લખાણો બનાવટી, બોગસ ઊભા કરેલાનું સ્પષ્ટપણે જણાય આવે છે. સદરહુ જમીન બાબતે જિતેન્દ્ર ગોરધનભાઈ જટવાણીએ સ્પે. દિ. મુ. નં. ૧૪૧/૨૦૧૩ નો દાવો દાખલ કરેલો. જેણે પણ સદરહુ જમીન અંગે મારા અસીલોના લાભમાં કાયદેસરનો કબૂલાતનો દસ્તાવેજ કરી આપ્યો છે. સદરહુ જમીન અગાઉ જે વ્યક્તિઓને વેચાણ આપવામાં આવેલી તેઓ પાસેથી મારા અસીલે ખરીદ કરી છે. રેવન્યૂ દફતરે પણ મારા અસીલનું નામ ચાલી આવેલ છે અને હાલ કબજો, ભોગવટો પણ મારા અસીલનો સ્થળ ઉપર ચાલી આવેલ છે. તેથી તેઓની જાહેર ચેતવણીથી ભરમાવું નહીં. મારા અસીલના લાભમાં કાયદેસરના લખાણો થયા છે અને મારા અસીલોને તે જમીનની હર કોઈ રીતની વહીવટ - વ્યવસ્થા કરવાનો હક્ક અને અધિકાર ચાલી આવેલ છે, તેની સર્વેએ નોંધ લેવી.

**અલકેશ ગાંધી** (એડવોકેટ),
ઠેકાણું : ૭૯, નર્મદનગર સોસાયટી, આદર્શ ભવન હોલ પાસે, અઠવાલાઈન્સ, સુરત. મો. ૯૩૭૪૭-૧૩૧૪૨.






## શું તમે હજી પણ વર્જિન છો?: 'કોફી વિથ કરણ'ની છેલ્લી સીઝનમાં કરણે સલમાનને પૂછ્યું



મુંબઈ, તા. 13 (પીટીઆઈ): પોપ્યુલર ચેટ શો 'કોફી વિથ કરણ'ની આઠમી અને અંતિમ સીઝનના પ્રથમ મહેમાન તરીકે પહોંચેલા સુપરસ્ટાર સલમાન ખાનને શોના હોસ્ટ કરણ જોહરે સવાલ પૂછ્યો હતો કે, 'શું તમે હજી પણ વર્જિન છો?' વર્ષ 2014ની ચોથી સીઝનમાં કરણે આ જ પ્રશ્ન કર્યો હતો જેના જવાબમાં સલમાને કહ્યું હતું તે પોતાને લગ્ન માટે સુરક્ષિત રાખી રહ્યો છે, પોતાના જૂના મશ્કરીવાળા જવાબને યાદ કરતા સલમાને આ વખતે હસીને કહ્યું હતું કે, 'કંટ્રોલ બ્રધર, કંટ્રોલ.'

## ડાન્સના રિહર્સલ વખતે સિદ્ધાર્થ મલહોત્રાને પગમાં ઈજા થઈ



મુંબઈ, તા. 13: અભિનેતા સિદ્ધાર્થ મલહોત્રા હાલમાં તેમની તાજેતરની ફિલ્મ 'ધ વિવાન: ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ'ની સફળતાનો આનંદ માણી રહ્યો છે. દરમિયાન અભિનેતાને તાજેતરમાં ડાન્સ પરફોર્મન્સ માટે રિહર્સલ કરતી વખતે પગમાં ઈજા થઈ છે. અભિનેતાએ ઇન્સ્ટાગ્રામ પર વોકિંગ બૂટ પહેરેલા તેમના ઈજાગ્રસ્ત પગનો ફોટો શેર કર્યો હતો.

## 'બૉલીવુડમાં કોઈએ નાનાનો પાર્થિવ દેહ જોયો નથી': તનુશ્રી દત્તા



મુંબઈ, તા. 13 : બૉલીવુડ અભિનેતા નાના પાટેકરના નિધન અંગે તનુશ્રી દત્તાએ સવાલો ઉઠાવ્યા છે અને દાવો કર્યો છે કે, અંતિમ સંસ્કાર પહેલાં બૉલીવુડ કે મીડિયામાંથી કોઈએ પણ તેમનો પાર્થિવ દેહ જોયો નહોતો. તનુશ્રીએ દાવો કર્યો કે જે અગ્નિદાહ કરવામાં આવ્યો તે શબ નાનાનો નહોતો અને એવી અટકળ પણ કરી કે આ અભિનેતા હજી જીવિત હોઈ શકે છે. નાના પાટેકરનું અવસાન 8 ઓક્ટોબરે 75 વર્ષની વયે હાર્ટ અટેકથી થયું હતું. તેમના અંતિમ સંસ્કાર પુણે નજીક ડોન્જે ગામમાં આવેલા તેમના ફાર્મહાઉસ પર કરવામાં આવ્યા હતા. ઇન્સ્ટાગ્રામ લાઇવ દરમિયાન તનુશ્રીએ જણાવ્યું, "બૉલીવુડ ઇન્ડસ્ટ્રી અને મીડિયામાં કોઈએ પણ નાના પાટેકરનો પાર્થિવ દેહ જોયો નથી.

### જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, સનસીટી કો. ઓપ. હા. સો. લિ. યુનિયન પાર્કની ગલીમાં, ભટાર, સુરત ખાતે આવેલી છે. તેના સભાસદ **શૈલેષભાઈ રમણભાઈ દેસાઈ** ના નામે સોસાયટીમાં **ફ્લેટ નં ૨-બી, ટેનામેન્ટ નંબર 35A-11-3561-0-001, નોંધ નં. R.S No. 114, બ્લોક નં. ૨-બી** આવેલ છે.

સદરહુ મિલકતનાં માલિકી હક્ક દર્શાવતું સોસાયટીનું અસલ **શેર સર્ટિફિકેટ નંબર ૧૨ અને શેર નં. ૫૬ થી ૬૦ એવા પાંચ શેર** ક્યાંક ગેરવલ્લે દર્શાવતું ખોવાઈ ગયેલ છે અને ઘણી શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી. સભાસદ દ્વારા આ અંગે ઉમરા પોલીસ સ્ટેશનમાં **તારીખ ૧૩-૧૦-૨૦૨૬** ના રોજ ખોવાયા અંગેની જાણ નોંધાવવામાં આવી છે.

ઉપરોક્ત સભાસદે સોસાયટી પાસે ડુપ્લિકેટ (બીજી નકલ) શેર સર્ટિફિકેટ મેળવવા માટે અરજી કરેલ છે. જેથી આ સર્ટિફિકેટ કે મિલકત પર જો કોઈ વ્યક્તિ, બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈનો પણ કોઈ પ્રકારનો હક્ક, દાવો, લીન, ગીરો હક્ક કે બોજો હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૧૫ (પંદર) દિવસમાં નીચે દર્શાવેલ સોસાયટીના સરનામે જરૂરી લેખિત પુરાવાઓ સાથે સોસાયટીનાં મંત્રીશ્રી / પ્રમુખશ્રીનો સંપર્ક કરવો. જો નિયત સમયમર્યાદામાં કોઈ વાંધા-વચકા કે દાવો રજૂ કરવામાં નહીં આવે, તો સોસાયટી એવું માની લેશે કે કોઈનો કોઈ હક્ક કે દાવો નથી અને સભાસદને ડુપ્લિકેટ શેર સર્ટિફિકેટ ઈસ્યુ કરવાની કાયદેસરની કાર્યવાહી આગળ વધારશે, ત્યારબાદ આવેલ કોઈ પણ દાવો સોસાયટી પર બંધનકર્તા રહેશે નહીં.

તા. ૧૩-૧૦-૨૦૨૬
સ્થળ: સુરત
સન સીટી કો. ઓપ. હા. સો. લિ.
યુનિયન પાર્કની ગલીમાં, ભટાર, સુરત.
સેક્રેટરી - મોબાઈલ નં. ૯૩૨૭૩ ૩૮૬૪૩

લિ. પ્રમુખશ્રી
મોબાઈલ નં. ૯૩૭૪૭ ૨૦૩૦૮

### જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી

સુરત ડીસ્ટ્રીકટ, મજુરા સબ-ડી., મોજે ગામ ભરથાણા-વેસુના રે.સ.નં. ૪૯/૨, જુનો મુળ બ્લોક નં. ૧૧૯ જેના હાલ બ્લોક નં. ૧૧૯/અ અને બ્લોક નં. ૧૧૯/બ જેનો ટી.પી.સ્કીમ નં. ૬૫ (વેસુ-ભરથાણા-અલથાણ), ફા.પ્લોટ નં. ૧૨/એ અને ૧૨/બી તથા રે.સ.નં. ૫૧/૧-૨, જેના બ્લોક નં. ૧૩૧ પૈકી ૧, ૧૩૧ પૈકી ૪ અને ૧૩૧ પૈકી ૫, જેનો ટી.પી.સ્કીમ નં. ૬૫ (વેસુ-ભરથાણા-અલથાણ), ફા.પ્લોટ નં. ૨૪ થી નોંધાયેલી જમીનો તથા મોજે ભરથાણા-વેસુ માં આવેલ સીટી સર્વે નં. ૧૫૯, ૧૬૨ તથા મોજે અલથાણ ના સીટી સર્વે નં. ૧૩૭૫ થી નોંધાયેલી મીલકત તથા ડેરી ફળીયામાં આવેલ મીલકત નં. ૧૪૨, ૧૪૩ થી નોંધાયેલી મીલકત તથા મર્હુમ પરભુભાઈ નાનાભાઈથી ચાલી આવેલી સ્થાવર જંગમ માલ-મીલકતો કે જે તમામમાં યોગેશ જયંતીભાઈ પટેલનો વગર વહેંચાયેલો હિસ્સો ચાલી આવેલો છે. અને તેની અન્ય સહમાલીકો સાથે કોઈપણ વખત હદહુદથી વહેંચણ થયેલ ન હતી કે નથી જેથી સદરહુ જમીનો તથા મીલકતો અંગે યોગેશ જયંતીભાઈ પટેલની જાણ અને લેખિત સંમતિ વિના કોઈએ કોઈપણ જાતના તબદીલી પ્રકારના વહેવાર કરવા-કરાવવા નહીં તેમ છતાં જો તેમ કરવામાં આવશે કે કરેલા હશે તો તે હમોને કબુલ મંજુર કે બંધનકર્તા રહેશે નહીં કે તેનાથી હમારા હકકો નષ્ટ થઈ જશે નહીં. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારી મારફતે :
હિતેન્દ્ર વાય. દેસાઈ
ઉષ્મા પટેલ
એડવોકેટ્સ
ઓ: ૭૧, ઈશ્વરનગર સોસાયટી, ઉધના મગદલ્લા, ભટાર રોડ, સુરત

સહી- યોગેશ જયંતીભાઈ પટેલ

### મોજે લવાછા, તા.ઓલપાડ, જી.સુરતના રે.સર્વે નં. ૧૦૧/૨ જેનો બ્લોક નં. ૩૧૩/૨ તથા બ્લોક ન. ૩૧૩/૩ થી નોંધાયેલી જમીનોના વેચાણ અંગે તા.૮.૧૦.૨૦૨૬ ના રોજ આપેલ જાહેર નોટીસ વિરૂધ્ધ જાહેર જવાબ તથા વાંધાઓ

આથી લાગતા વળગતા તમામ જાહેર જનતાને જણાવવાનું કે, તા.૦૮.૧૦.૨૦૨૬ ના રોજ ગુજરાત મિત્ર અખબારમાં વકીલશ્રી કમલેશ ડી.જોષી અને અલ્કા આર. બ્રહ્મભટ્ટનાએ તેઓના અનામી ખરીદનાર અસીલ તર્ફે મોજે લવાછા, તા.ઓલપાડ, જી.સુરતના રે.સર્વે નં. ૧૦૧/૨ જેનો બ્લોક નં.૩૧૩/૨ તથા ૩૧૩/૩ થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનુ અનુક્રમે ક્ષેત્રફળ સુમારે હે.આરે.ચો.મી. ૦-૪૦-૪૬ યાને ૪૦૪૬ ચો.મી છે જેનો આકાર રૂા. ૧.૭૫ પૈસા તથા હે.આરે.ચો.મી. ૦-૩૦-૩૬ યાને ૩૦૩૬ ચો.મી છે જેનો આકાર રૂા. ૧.૩૧ પૈસાથી નોંધાયેલી જમીનોના વેચાણ અંગે જે જાહેર નોટીસ આપેલ છે તે વિરૂધ્ધ અમારી અસીલણો (૧) વાલીબેન તે ગોપાળભાઈની પુત્રી તથા રમેશચંદ્રભાઈની વિધવા (૨) બેનાબેન તે ગોપાળભાઈની પુત્રી તથા મગનલાલની વિધવા (૩) મંજુબેન ઉર્ફે મંજુલાબેન તે ગોપાળભાઈની પુત્રી તે નાનજીભાઈની વિધવા તથા (૪) ગંગાબેન તે ગોપાળભાઈની પુત્રી તથા શાંતુભાઈની વિધવાઓ તર્ફે મળેલી સુચના અને ફરમાઈશ મુજબ જાહેર જવાબ/વળતી નોટીસ આપી જણાવવાનું કે, તેઓએ આપેલ વેચાણ અંગેની જાહેર નોટીસ તદ્દન ખોટી, બોગસ અને ઉપજાવી કાઢેલી છે. સદરહુ જમીનો પૈકી બ્લોક નં.૩૧૩/૨ થી નોંધાયેલી જમીનના સહમાલીક અમારી અસીલણો ચાલી આવેલા. સદરહુ જમીન તેઓ પાસેથી મજકુર અરવિંદભાઈ ખોડાભાઈ મકવાણાએ વેચાણ અવેજની અમુક રકમ ભવિષ્યમાં ચુકવવાની શરતે ખરીદ કરેલી અને તે અંગેનો એક સમજુતી કરાર અમારી અસીલણોના લાભમાં લખી આપી, અમારી અસીલણો પાસેથી વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલો. પરંતુ મજકુર અરવિંદભાઈ ખોડાભાઈ મકવાણાએ અમારી અસીલણોના બાકી નિકળતા વેચાણ અવેજની રકમો વખતો વખત માંગવા છતાં આજદિન સુધી બાકીનો વેચાણ અવેજ ચુકવી આપેલ નથી. આમ, સદરહુ બ્લોક નં.૩૧૩/૨ થી નોંધાયેલી મીલ્કતનો કહેવાતો દસ્તાવેજ બીનઅવેજી છે અને મજકુર અરવિંદભાઈ ખોડાભાઈ મકવાણાને સદરહુ જમીનના ચોખ્ખા માલીકી હક્કો પ્રાપ્ત થયેલ નથી. જેથી અમારી અસીલણો મજકુર અરવિંદભાઈ ખોડાભાઈ મકવાણાના તથા અન્ય તમામ જવાબદાર ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી તથા દીવાની અને ફોજદારી રાહે પગલા ભરનાર છે. જેથી આ જાહેર જવાબ તથા વળતી નોટીસથી તમામ જાહેર જનતા, બેંક, સંસ્થા, વ્યકિતઓને જણાવવાનું કે, અમારી અસીલણોની પુર્વ પરવાનગી વિના અરવિંદભાઈ ખોડાભાઈ મકવાણા સાથે કે અન્ય કોઈપણ ત્રાહીત વ્યકિત જોડે સદરહુ જમીનો અંગે કોઈપણ પ્રકારના વેચાણ વ્યવહાર, કરારો કે લખાણો કરવા કરાવવા નહી. આ જાહેર જવાબ છતા જો કોઈપણ ઈસમ સંસ્થા કે બેંક કોઈ પણ વ્યકિત જોડે કોઈપણ પ્રકારના વેચાણ વ્યવહારો કે કરારો કે લખાણો કરશે કરાવશે તો તેઓને પણ કાયદેસરના પ્રકરણોમાં સંડોવાવું પડશે અને તકરારો સીવાય કાંઈ પ્રાપ્ત થશે નહી. જેની આથી તમામે ગંભીર નોંધ લેવી. તા. ૧૪/૧૦/૨૦૨૬

મારી મારફત : **રજનીકાંત એચ. પટેલ** એડવોકેટ એન્ડ નોટરી
ઓ. ૨૦૨, એમ. એન. સ્કવેર, ગામખડીની બાજુમા, મોરાભાગળ, સુરત. મો. ૯૯૦૯૯૬૬૫૯૨